GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ગ્રામચેતનાની વિભાવના

## હિતેશકુમાર વિનોદચંદ્ર મોદી

અભ્યાસક/આસી.પ્રોફેસર
ગૂજરાત વિદ્યાપીઠ/ GACC

## ભૂમિકા

વિશ્વના સર્વ સજીવોમાં અદ્દભૂત જીવ એટલે માણસ. આ સામાજિક પ્રાણીએ પોતાની બૌદ્ધિક-માનસિક શક્તિથી વિકાસની વણથંભી યાત્રા સર્જી છે. જીવનના સર્વ વિષયો-ક્ષેત્રો-પાસાંઓમાં નવીન રૂપો વિકસાવતો રહે છે.

માણસે સૌંદર્ય નિર્માણ અને આનંદ માટે સાહિત્ય સર્જન કર્યું. સાહિત્ય જીવનનું દર્પણ છે. જીવનની સમૃદ્ધિ છે. જીવન અને સાહિત્ય એકબીજાના પૂરક અંગ છે. જીવન થકી સાહિત્ય તથા સાહિત્ય દ્વારા જીવન વિકસ્યા. સાહિત્યમાં વિવિધ સાહિત્ય સ્વરૂપોના માધ્યમથી સર્જકોએ વિવિધ વિષય, વિચાર, ભાવ, લાગણી વગેરેની આગવી શૈલીથી અભિવ્યક્તિ કરી છે. સાહિત્યમાં છેક પ્રાચીન કાળથી લઈને આજ સુધીમાં વિવિધ પરિમાણો સર્જાયા છે.

જમાનાની માંગ અને જરૂરિયાત મુજબ જમાને જમાને સાહિત્ય સ્વરૂપોમાં બદલાવ આવતો રહેતો હોય છે. સાહિત્યનો ઇતિહાસ એની સાક્ષી પૂરે છે. ખાસ કરીને જેને આપણે અનુઆધુનિક યુગ તરીકે ઓળખીએ છીએ, તેમાં દલિત સાહિત્ય, નારીવાદી સાહિત્ય તથા ગ્રામચેતનાના મુખ્ય પ્રવાહ જોવા મળે છે. એમાં પણ ગુજરાતી સાહિત્યના અર્વાચીન ગદ્ય સાહિત્ય સ્વરૂપો પૈકી ટૂંકીવાર્તા જેવા કથાપ્રવાહમાં સમાજમાં જીવનમાં આસપાસ બનતી ઘટનાઓ પ્રસંગો, બનાવોને અદકી રીતે રજૂ કરવામાં સર્જકની નોંધપાત્ર ખાસિયત દેખાઈ આવે છે. ગાંધીયુગ અને ત્યાર પછીના સમયગાળામાં ટૂંકીવાર્તામાં જીવાતું જીવન અને ગ્રામજીવનનું આલેખન વિશેષત: જોવા મળે છે.

સાહિત્યના સંદર્ભમાં 'ગ્રામચેતના' એટલે શું ? તેની વ્યાખ્યાઓ-સંકલ્પના-સંપ્રત્યય સમજીએ.

## સંજ્ઞા : ગ્રામચેતના

ભારત ગામડાનો બનેલો દેશ છે. ભારતની મોટાભાગની વસ્તી હજુ ગામડામાં જ રહે છે. મહાત્મા ગાંધીજીએ પણ ભારતના વિકાસ માટે ગામડાને અને તેના વિકાસને આધારભૂત બાબત માની છે.આ ગામડા સાથે જોડાયેલ મહત્વનો સંપ્રત્યય એટલે ગ્રામચેતના.

### ૧.૨.૧ શબ્દ ચર્ચા

'ગ્રામચેતના' સંજ્ઞામાં બે શબ્દો છે. 'ગ્રામ' અને 'ચેતના'.બંને શબ્દનાં અર્થ સમજીએ.

- **ગ્રામ –**

" સાર્થ ગુજરાતી જોડણીકોશ " મુજબ,
'ગ્રામ' એટલે ગામ,ગામડું.
" ભગવદ્ગોમંડલ " મુજબ,
'ગ્રામ' એટલે એક પ્રકારની ક્ષેત્રગણના.
૧૦૦ કુટુંબ = ૧ ગ્રામ
૧૦૦ ગ્રામ = ૧ જનપદ

ગામ; ગામડું

https://www.gapbhasha.org/

ચાણક્યના અર્થશાસ્ત્ર પ્રમાણે ગામડાના પ્રથમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ વર્ગ પડતા. એ દરેકના પરિહારક, આયુધીય, કુપ્ય અને વિષ્ટિ સેવા ચાર પેટા વિભાગ પડતા.

ટૂંકમાં,

- ગ્રામ એટલે જ્યાં ઓછી વસ્તી છે, શહેર નથી તેવું ઓછા માનવસમૂહના વસવાટવાળું સ્થાન.
- માણસના વસવાટનું સ્થળ કે જે મોટેભાગે શહેરથી દૂર અંતરિયાળ હોય.

- **ચેતના -**

- “ સાર્થ ગુજરાતી જોડણી કોશ ” મુજબ,

‘ચેતના’ એટલે (૧) ચૈતન્ય, જીવનશક્તિ (૨) સમજશક્તિ

- “ ભગવદ્ગોમંડલ ” મુજબ,

‘ચેતના’ એટલે

ચેતોવૃત્તિ, મન, જીવનશક્તિ, જ્ઞાન, સજીવપણું, ચૈતન્ય.

**૧.૨.૨ વિવિધ વિદ્વાનોના મત-**

વિવિધ વિદ્વાનોએ ગ્રામચેતના અંગે પોતાના મંતવ્યો આપ્યા છે.

ડૉ.ગુણવંત વ્યાસના મતે ,

“ ગ્રામજનોના રીતરિવાજ, તહેવારો-વ્યવહારો, સુખ-દુઃખ,પીડા-વ્યથા, લાગણી-સંવેદના આદિમાંથી પ્રગટતા ચૈતત્યની વાત. ગ્રામચેતના એટલે ગામડાનો ચૈતન્યને ધબકતું રાખતાં કેટલાક સંસ્કાર અને સંસ્કૃતિને સંકોરતાં પરિબળોની વાત.”

- ડૉ.પ્રવીણ વાઘેલા જણાવે છે -

“ગ્રામચેતના એટલે ગામડાના રીતરિવાજ, ઉત્સવો, રહેણીકરણી, તહેવારોને વ્યવહારો, તેના સુખ-દુઃખ, હર્ષ, ઉત્સવ, પીડા, યાતના, વેદના, શોષણ આ બધામાં પ્રગટતા ચૈતન્યની વાત. ગામડાને ધબકતું ને જીવંત રાખનાર આ તત્વો છે. તેમાં પ્રજાના રાગ-દ્વેષ અને વેરઝેર સમેત સઘળું પ્રગટે છે અને ગામડું સાહિત્યમાં જીવંત થાય છે.”

જે.એ.કોડનના મતે ,

“Fundamentally, this is what pastoral is about. It displays a nostalgia for the past, for some hypothetical state of love and peace which has somehow been lost. The dominating idea and theme of most pastoral is the search for the simple life away from the court and town, away from corruption, war, strife, the love of gain away from ‘ gelding and spending ’ in a way it reveals a yearning for a lest innocence, for a pre-far paradise life in which man existed in harmony with nature. It is thus a form of primitivism and a potent longing for thing past.”

**૧.૨.3 ગ્રામચેતના સંદર્ભ વિદ્વાનોના મત**

ગ્રામચેતના સંદર્ભે વિવિધ વિદ્વાનોના મતો જોઈએ.

શ્રી મોહન પરમાર જણાવે છે કે -

“અનુઆધુનિક વાર્તામાં ગ્રામજીવનની વાર્તાઓએ અનોખી કેડી કંડારી આપી છે. બોલી તેનું મુખ્ય શસ્ત્ર છે. એ વિના તેના પરિવેશને સૂક્ષ્મ બનાવી શકાય નહિ.”

શ્રી કેશર મકવાણાએ ગ્રામજીવનની નવલકથાના સંદર્ભમાં કહેલ વાત ટૂંકીવાર્તામાં ગ્રામચેતના સંદર્ભે પણ ઉપયોગી બની રહે તેવી હોઈ તે જોઈએ.

“ ‘ગ્રામજીવનની નવલકથા’ તે કોઈ જુદુ સાહિત્ય સ્વરૂપ નથી પણ સ્થળભેદે ઊભો થયેલો નવલકથા સ્વરૂપમાં એક સક્ષમ પેટા પ્રકાર છે. જે The Novel of Soil - ‘ધરતીની કથા’ નામે પણ ઓળખાય છે. નવલકથાના આ પેટાપ્રકારમાં વસ્તુની જન્મભૂમિ ગામડું છે. તેમાં દૂર- સુદૂરના તળપદા ગ્રામજીવનનું ચિત્રણ અભિપ્રેત છે. જો કે ગ્રામપ્રદેશનું ચિત્રણ કરવા માત્રથી કશી સાહિત્યકતા ઉપલબ્ધ થતી નથી. પણ ત્યાંનું સમગ્ર જીવન સામાજિક, સાંસ્કૃતિક, ચૈતસિક, ભૂમિકાના સંદર્ભમાં પાંગર્યું હોય અને નવલકથાના ઘટકોમાં એક રસ થયું

https://www.gapbhasha.org/

હોય તો તે ગ્રામજીવનની કથા પણ 'નવલકથા' બની રહે."

ગણપત સોઢાએ ગ્રામચેતનાની વાર્તાઓ સંદર્ભે નોંધપાત્ર વાત કરી છે -

"વાર્તામાં પોતાના મૂળનું-તળપદનું આલેખન કરવા માંડ્યું અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા કે બહિષ્કૃત થયેલા લોકો, વર્ગ-સમાજને આ પ્રકારની ગ્રામચેતનાની-તળચેતનાની વાર્તાઓમાં સ્થાન આપવા માંડ્યું. એટલે આ વાર્તાઓનું માળખું સંસ્થાનવાદી નહીં, પણ અનુસંસ્થાનવાદી, શિષ્ટ ભાષાની સામે બોલી સાથે પોતાની ધારાનું આલેખન કરવા માંડ્યું. આ વાર્તાકારોની વાર્તાઓમાં તળપદનું નિરૂપણ ધ્યાનપાત્ર છે. તળપદ એટલે એમાં જીવાતું જીવન એના બધા જ સંદર્ભો સાથે ઘર, કુટુંબ, સમાજ, રીતરિવાજો, વ્યવહારો, વેરઝેર, રાજકારણ, ઉત્સવો, વ્રતો, ઝઘડા-ટંટા, વહેમો, કાવાદાવા, વૃત્તિઓ, માન્યતાઓ, લગ્નેતર સંબંધો, પહેરવેશ, બોલી, અર્થકારણ વગેરે સમેતનું ગામ.તેમાં ધબકતું તળજીવન તેના દરેક રંગ સાથે આવી વાર્તાઓમાં ઝિલાતું અભિવ્યક્ત થવા માંડ્યું. વાર્તાકાર આ બધી સામગ્રીનો સર્જનાત્મક ઉપયોગ કરીને વાર્તાસર્જન કરવા પ્રવૃત્ત થાય છે."

ડૉ.પ્રવીણ વાઘેલાનાં મતે ,


" ગ્રામસમાજને સંકોરનારા જે સનાતન પરિબળો છે તે અંગેનું આલેખન જે સાહિત્યમાં જોવા મળે તેને ગ્રામચેતનાનું સાહિત્ય કહી શકાય."

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લેતાં કહી શકાય કે ગ્રામચેતના એટલે....

- ગામડામાં જીવાતું જીવન.
- ગ્રામમૂલક મનોવૃત્તિ, ગ્રામબોધ, સમજ.
- ગામડામાં ધબકતું સાચુકલું જીવન.
- ગ્રામવિસ્તારના લોકોના મૂળનું-તળપદનું જીવન, જેમાં બધા સંદર્ભો, ઘર, કુટુંબ, રીતરિવાજો, વ્યવહારો, વેરઝેર, ઉત્સવો, આનંદ, પહેરવેશ, બોલી, માન્યતાઓ, સંબંધો, વેદના, વ્રતો, અંધશ્રદ્ધાઓ, વહેમો, ઝઘડા વગેરે બધુ વ્યક્ત થયું હોય.
- ગ્રામીણ પ્રદેશના જનજીવનની યથાતથ વિભાવનાને અધિક ઉજાગર કરતું હોય.
- ગ્રામપ્રદેશના લોકજીવનની ધડકનોનું નિરૂપણ.
- જે ગામડામાં નિવાસ કરીને રહેતું હોય તેની ગ્રામીણ પરિવેશના સાધનો કે સજીવો સાથે જોડાયેલાં વૃત્તિ, જીવંતતા કે અનુબંધ.

ટૂંકમાં, ગ્રામચેતના એટલે ગામડું અને ગામડાના લોકોના જીવાતાં જીવનની અભિવ્યક્તિ.

ગ્રામચેતના સંપ્રત્યયમાં આ મુજબ ઘટકો-તત્ત્વો જોવા મળે છે




https://www.gapbhasha.org/

## ઉપસંહાર

સાહિત્ય જીવનનો અરીસો છે. સર્જક પોતાના વિચાર, સ્પંદન, લાગણી, સંવેદના વગેરે વિવિધ સાહિત્ય સ્વરૂપોના માધ્યમથી વ્યક્ત કરી સૌંદર્ય નિર્માણ, કલાનિર્માણ કરે છે. જરૂરિયાત મુજબ સાહિત્ય-સાહિત્ય સ્વરૂપમાં બદલાવ પણ જોવા મળે છે. ગુજરાતી સાહિત્યમાં અનુઆધુનિક યુગમાં દલિત ચેતના, નારીવાદ અને ગ્રામચેતના વિશેષ આલેખિત થતા જોવા મળે છે. તેમાં ગ્રામચેતના એટલે ગામ અને ગ્રામજીવનના રીત - રિવાજો, વેરઝેર, ઉત્સવો, બોલી, સંબંધો, પીડા-આનંદ, વ્યથા-વ્યગ્રતા, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, પરિવેશ વગેરેને વ્યક્ત કરવા.ગ્રામચેતના અભિવ્યક્તિ કરતું સાહિત્ય એટલે ગ્રામચેતનાયુક્ત સાહિત્ય.તેમાં ગ્રામમૂલક સમજ-બોધ પણ પ્રગટે.પ્રકૃતિપ્રેમ, પ્રકૃતિ આધારિત વ્યવસાયો, ઉત્સવપ્રેમ, સંયુક્ત કુટુંબ ભાવના, પરંપરાગત સંસ્કારો, આધ્યાત્મિકતા, ધાર્મિકતા, તળપદી, બોલી, પ્રકૃતિ સાથે તાલમેલયુક્ત જીવન વગેરે ઘટકો વિશેષ જોવા મળે છે.

## સંદર્ભપુસ્તકો

[1] સાર્થ ગુજરાતી જોડણી કોશ,ચોથી આવૃત્તિ,૧૯૪૯, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર
[2] ભગવદ્ગોમંડલ,ભાગ-૩,રાજકોટ:પ્રવીણ પ્રકાશન,દ્વિતીય આવૃત્તિ,૨૦૦૭
[3] પરમાર, મોહન, 'અનુઆધુનિક વાર્તાસૃષ્ટિ', બીજી આવૃત્તિ, ૨૦૧૧,અમદાવાદ: પાર્શ્વ પ્રકાશન
[4] મકવાણા કેસર, 'ગ્રામજીવનની સાઠોત્તરી ગુજરાતી નવલકથા',બીજી આવૃત્તિ-૨૦૨૦,પ્રાક્કથન' અમદાવાદ, પાર્શ્વપબ્લિકેશન
[5] સોઢા ગણપત, 'અનુઆધુનિકતા ગ્રામચેતનાકેન્દ્રી વાર્તાઓ',અમદાવાદ :ડિવાઈન પબ્લિકેશન્સ

https://www.gapbhasha.org/